## આંક–૦૯ ની હુકમ

(૧) મુળ ફરીયાદીના વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા, મુળ ફરીયાદી તરફે આંક–૧૪ થી ભોગબનનારનું સોંગદનામું તથા આંક–૩૩ થી લેખીત દલીલ રજુ થયેલ છે અને માર્ક–૧૬/૧ થી ભોગબનનાર તરફે ફેમેલી સ્યુટ નં.૮/૨૦૨૫ થી લગ્ન ગેરકાયદેસર ઠરાવવાનો દાવો કરેલ છે તેની નકલ તથા ભોગબનનાર(વાદી)ના સોંગદનામાની માર્ક–૧૬/૨ થી નકલ રજુ કરેલ છે તેમજ ફેમેલી સ્યુટના કામે ભોગબનનાર તરફે સંજય છોટાલાલ જોષીની જુબાની ની નકલ તથા આરોપીની જુબાનીની નકલ પણ રજુ કરેલ છે.આઇ.ઓ. તરફથી આંક–૧૧ થી ભોગબનનારની વધુ તપાસની અરજીના અનુસંધાને જવાબ રજુ કરેલ છે.

(૨) મુળ ફરીયાદી તરફે વિ.વકીલશ્રી દલીલ કરે છે કે,પોલીસે ભોગબનનાર સાથે જે જગ્યાએ ગુનાહીત કૃત્ય થયેલ તે જગ્યાના પંચનામા કરેલ નથી, તેમજ જંબુસર કોર્ટ નજીક ભોગબનનારને બોલાવીને તા.૨૬/૧૧/૨૦૨૪ના રોજ આરોપીએ તેને લલચાવીને કાગળો ઉપર સહી કરાવી મોકલી દીધેલ અને કાગળોનો દુર ઉપયોગ કરી લગ્ન નોંધણી કરાવેલ છે, લગ્ન વિધી થયેલ નથી અને આરોપીએ જે સહી કરાવેલ તે નોટરી જશુભાઇ મિસ્ત્રીની ઓફીસ હોવાનું ખુલેલ છે ત્યારે નોટરી હાજર હતા કે કેમ તેમની હાજરીમાં કોઇ સોંગદનામું થયેલ કે કેમ અને નોટરી અને કહેવાતા સહી કરનારા વ્યકિત હાજર હતા કે કેમ અને તેના સી.સી.ટી.વી. ફુટેજ, મોબાઇલ લોકેશન, સી.ડી.આર જેવા પુરાવા મેળવેલ નથી તેમજ ખડગેશ્વરના મંદિરના પુજારી કે સંચાલકના નિવેદન લીધેલ નથી, મંદિર નજીક કોર્ટ અને જેલ છે ત્યાંથી સી.સી.ટી.વી. મેળવેલ નથી, આરોપીએ મોબાઇલ રજુ કરેલ નથી, મોબાઇલ એફ.એસ.એલ.માં મોકલીને ફોટોગ્રાફ રીકવરી કરવાના છે અને નગરપાલીકાના કલાર્ક લગ્ધીરભાઇ લગ્ન નોંધણી વખતે પુછપરછ કરી મોબાઇલમાં રેકોર્ડીંગ કરતા હોવાનું બ્રાહમણ સંજયભાઇએ

જણાવેલ છે તે બાબતના ફુટેજ મેળવેલ નથી, જશુભાઇના મોબાઇલમાં રેકોર્ડીંગ કલીપનો ઉલ્લેખ છે તે પુરાવો મેળવેલ નથી, જશુભાઇના નિવેદન ઉપર આધાર રાખી શકાય તેમ નથી, બ્રાહ્મણ સંજયભાઇ છોટાલાલ જોષી અને નોટરી જશુભાઇ મિસ્ત્રીની ગુનામાં સંડોવણીને લગતાં પુરાવા એકત્રીત કરવાની જરૂર છે તેમ જણાવે છે અને અરજી ધ્યાને લેવા જણાવે છે અને પોલીસ અસાધરણ વિલંબ બાદ મુખ્ય આરોપીની ધરપકડ કરેલ છે, તપાસમાં ખામી છે તેમ જણાવે છે અને ગુનામાં મદદગારી કરનારને આરોપી તરીકે પોલીસે જોડેલ નથી જેથી ફરીયાદીને નુકશાન જાય છે તેમ જણાવે છે અને વિડીયો કલીપ પોલીસે જે મેળવેલ છે તેમાં મહીલા વકીલનો ઉલ્લેખ છે, સહી કરાવતી હોવાનું જણાય છે તે ઇસમોના નિવેદન મેળવેલ નથી તેમ જણાવી વધુ તપાસનો હુકમ કરવા વિનંતી કરે છે અને પોતાની દલીલમાં પોલીસ સ્ટેશનની બહાર તથા પોલીસ સ્ટેશનમાં મહત્વની જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનો ફરજીયાત આદેશ સફીક મોહંમદ વિ. સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ અને પરમવીરસીંગ સૈનીના અનુક્રમે સને ૨૦૧૮ અને ૨૦૨૦ના કેસમાં ફરમાવેલ હોવાનું જણાવે છે અને વધુ તપાસ સોંપવાનો હુકમ કરે છે.

(૩) ફરીયાદી તરફે જે ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે તે રજુ કરેલ નથી, ઉલ્લેખ કરીને રજુ ન કરે તે યોગ્ય ન કહેવાય.

(૪) આરોપી તરફે વિ.વકીલશ્રી એન.એમ.શેખ આંક–૩૩ ની ફરીયાદી તરફેની દલીલમાં શેરો કરેલ અને સુનાવણીમાં જણાવે છે કે, આઇ.ઓ.એ તપાસ દરમ્યાન પોતાનો અહેવાલ રજુ કરેલ અને સમરી પણ રજુ કરેલ છે, તેમ જણાવી અરજી નામંજુર કરવા વિનંતી કરે છે.

(૫) વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, પોલીસે તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરેલ છે, તપાસમાં ખામી નથી અને વધુ તપાસ કરીને ઇ.પી.કો. કલમ–૪૬૫ની સમરી પણ રજુ કરેલ છે અને આઇ.ઓ.એ આંક–૧૧ થી જવાબ આપેલ છે અને કોને આરોપી બનાવવા કે સાહેદ બનાવવા તે આઇ.ઓ.નો અધિકાર છે અને કઇ રીતે તપાસ કરવી તે

આઇ.ઓ.નો અધિકાર છે તેમાં ફરીયાદી આઇ.ઓ.ને સુચના ન આપી શકે અને આઇ.ઓ.એ યોગ્ય તપાસ કરેલી છે અને નોટરી જશુભાઇ પાસેથી જે કલીપ કબજે થઇ તે પણ ભોગબનનાર/ફરીયાદીના વિ.વકીલશ્રીને આપેલ છે અને ચાર્જશીટમાં નોટરી જશુભાઇ તથા લગ્ન કરાવનાર બ્રાહમણને સાહેદ તરીકે આઇ.ઓ.એ ફર્ધર ઇન્વેસ્ટીગેશન પણ કરેલ છે અને હાલ આરોપી સામે ઇ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૫૪(ડી), ૪૦૬, ૪૯૩, ૪૯૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ ૩(એ)ના ભંગ બદલ ૪(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા પોકસો એકટની કલમ–૧૧(૪)ના ભંગ બદલ ૧૨ મુજબનો ગુનો હોવાનું જણાવે છે અને વિ.એ.પી.પી.શ્રી. જણાવે છે કે, જે–તે વખતે ચાર્જશીટમાં ઇ.પી.કો.કલમ–૪૬૫ હતી તે બાબતે સમરી ભરેલ છે અને આ કામે કોઇ ફોરર્જરી નથી તેમ એ.પી.પી.શ્રી જણાવે છે અને જરૂરી પંચનામા કરી યોગ્ય તપાસ કરેલ છે જેથી વધુ તપાસની અરજી રદ કરવા વિનંતી કરે છે.

(૬) ઉપરોકત રજુઆત ધ્યાને લીધી, આ કામે આઇ.ઓ.એ આંક–૧૧ થી ફરીયાદી, ભોગબનનાર અરજીનો જવાબ રજુ કરેલ છે અને અત્રેની કોર્ટે ઉપરોકત અરજીમાં તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ તે ધ્યાને લીધો અને આઇ.ઓ.નો જવાબ જોતાં ગુનાની લગતી તમામ હકીકતો તેમજ તમામ પુરાવા એકત્રીત કરેલ છે અને ભોગબનનાર/ફરીયાદીએ જણાવેલ કે, ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષની હતી ત્યારે આરોપીએ તેની સાથે જે શરીર સંબંધ બાંધેલ તે જગ્યાએ તેઓને યાદ નથી જેથી તે જગ્યાનું પંચનામું થઇ શકેલ નથી અને આ કામે તપાસમાં ભોગબનનાર ખડગેશ્વર મંદિર તથા નોટરી વકીલની ઓફીસે જાતે હાજર હતા અને પોતાના સોંગદનામા ઉપર ભોગબનનારને સહી કરેલ છે અને ભોગબનનારનું જંબુસર પોલીસ સ્ટેશન લોકલ અરજી નં.૫૭૯/૨૦૨૪ના કામે નિવેદન તથા ફેમેલી કોર્ટમાં ઉલટતપાસ દરમ્યાન આપેલ નિવેદન મુજબ આ હકીકત તપાસમાં આવેલ છે અને ખડગેશ્વર મંદિરમાં પુર્ણ સમય માટે કોઇ

પુજારી કે સંચાલક હાજર હોતા નથી તેમજ મંદિરની આજુબાજુ કોઇ રહેણાંક મકાન આવેલ નથી અને આજુબાજુમાં સી.સી.ટી.વી. કેમેરા આવેલા નથી અને જુની સીવીલ કોર્ટ ૨૦૨૩ થી જંબુસર કાવા ભાગોળ ખાતે બિલ્ડીંગમાં સ્થાપીત કરેલ હોય તથા મંદિર નજીક જેલ આવેલ છે જે ઘણાં વર્ષોથી બંધ હાલતમાં હોય ત્યાં સી.સી.ટી.વી. ફુટેજ આવેલા નથી તેમજ આરોપીના તા.૨૬/૧૧/૨૦૨૪ ની સી.ડી.આર. તપાસમાં સામેલ છે અને આરોપીએ ફેમેલી સ્યુટમાં લગ્નના ફોટો મોબાઇલમાં લીધેલ નું અને તેનો મોબાઇલ તેની પાસે હોવાનું અને તેને વેચીયો નથી તેવું ફેમીલી કોર્ટમાં જણાવેલ પરંતુ તપાસ દરમ્યાન આરોપીએ આઇ.ઓ. રૂબરૂ જણાવેલ નથી તેમ આઇ.ઓ. જણાવે છે અને ફેમેલી કોર્ટની ઉલટતપાસમાં બ્રાહમણ સંજયભાઇ જોષીએ લગ્ન સ્થળ ખંડેશ્વર મહાદેવ જણાવેલ પરંતુ તપાસમાં લગ્ન સ્થળ ખડગેશ્વર મહાદેવ મંદિરનું સરનામું હોય તેમ જણાવેલ છે અને ફેમેલી કોર્ટમાં લખધીરભાઇના મોબાઇલમાં રેકોર્ડીંગ કરેલ તેવું જણાવેલ પરંતુ આઇ.ઓ. રૂબરૂ આવી કોઇ હકીકત લખધીરભાઇએ જણાવેલ નથી તેમજ જંબુસર નગર પાલીકામાં કોઇ સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા નથી જેથી નગરપાલીકા ખાતેથી સદર લગ્ન નોંધણી વખતના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલ નથી અને નોટરી વકીલ જશુભાઇ મિસ્ત્રીએ આરોપી ભોગબનનારના લગ્ન અંગે નોટરી દરમ્યાન તેઓના મોબાઇલમાં વિડીયો રેકોર્ડીંગ કરેલ જે પેનડ્રાઇવ તપાસમાં કામે રાખેલ છે અને નોટરી પાસેથી વધુ તપાસની મંજુરી મળયેથી મોબાઇલ કબજે કરી એફ.એસ.એલ.માં મોકલીશું તેમ આઇ.ઓ. જણાવે છે, જેથી ફરીયાદીએ ભોગબનનારે કરેલી અરજી સાથે સંમત ન હોવાનું જણાવે છે અને યોગ્ય તપાસ કરેલ હોવાનું જણાવે છે અને વિ.એ.પી.પી.શ્રી વધુમાં જણાવે છે કે, નોટરી જશુભાઇનો મોબાઇલ તપાસના કામે કબજે કરેલ છે તેમ પણ જણાવે છે અને વધુ તપાસમાં લગધીરભાઇ ચતુરભાઇનું તા.૨૩/૧૨/૨૦૨૫ નું તથા જશુભાઇ અંબાલાલનું તા.૧૭/૧૨/૨૦૨૫નું તેમજ સંજયકુમાર છોટાલાલનું તા.૧૭/૧૨/૨૦૨૫ નું તથા પંકજ પ્રવીણભાઇનું

તા.૧૭/૧૨/૨૦૨૫નું નિવેદન લીધાનું પણ અને ફોન જશુભાઇનો એફ.એસ.એલ.માં મોકલ્યાનું વિ.એ.પી.પી.શ્રી જણાવે છે અને મુળ ફરીયાદીની વધુ તપાસની અરજી રદ કરવા વિ.એ.પી.પી.શ્રી. સાથે વધુમાં જણાવે છે.

(૭) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો આ કામે તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ બાદ વધુ તપાસનો રીપોર્ટ રજુ કરેલ છે તેમજ ઈ.પી.કો. કલમ– ૪૬૫ ની સમરી પણ અલગથી ભરેલ છે આ તમામ રેકર્ડ ધ્યાને લીધું અને તપાસ કરનાર અધિકારીએ જે તપાસ અને વધુ તપાસ કરેલ છે તેને સાથે ધ્યાને લેવામાં આવે અને ભોગબનનાર સાહેદોના નિવેદનો ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરેલ છે તે આ તબકકે જણાય છે અને કોને આરોપી બનાવો, કોને સાહેદ બનાવો તે તપાસ કરનાર અધિકારીએ તેની તપાસના તબકકે જે પુરાવા આવે તેના આધારે નકકી કરવાનું હોય છે અને તપાસ કરનાર અધિકારીને કઇ રીતે તપાસ કરવી તે ફરીયાદી સુચના ના આપી શકે કે ફરીયાદી કહે તે રીતે વધુ તપાસ ન થાય આ હકીકતને સાથે ધ્યાને લેતા અને આ કામનું રેકર્ડ ધ્યાને લેતા આઇ.ઓ.એ જે તપાસ અને વધુ તપાસ કરેલ છે તેમાં આ તબકકે કોઇ ખામી જણાતી નથી જેથી ફરીયાદીની વધુ તપાસની અરજી મંજુર થવા પાત્ર જણાતી નથી અને રદ થવા પાત્ર જણાય છે જેથી ફરીયાદીની વધુ તપાસની અરજી રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૬ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહરે કર્યો.

તા. ૧૬ /૦૨/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સેસન્સ
અને સ્પેશ્યલ પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)